ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

તાઃ ૨૨/૦૭/૨૦૧૫

**અખબારી યાદી**

**પ્રતિ,**
**તંત્રીશ્રી,**

**..............................,**

**ભાવનગર.**

## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તાલુકાની શાળાઓમાં યોજાયેલ વિવિધ કાર્યક્રમ

વિચાર વિજ્ઞાનનો જનક છે. જે વિજ્ઞાનને જાણી શકે છે તે વિજ્ઞાનને માણી શકે છે. વિષય વસ્તુમાં રહેલા વિજ્ઞાનને પ્રાયોગિક ધોરણે સમજાવવાથી વિદ્યાર્થીઓ વિજ્ઞાન વિષયને સહેલાઈથી સમજી શકે છે. અને તેઓમાં રહેલી જીજ્ઞાસા વૃતિ સંતોષાય છે. જેના અનુંસંધાને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં અનુક્રમે તા.૧૪, ૧૫ જુલાઈના રોજ ઉખરલા ઉ.બુ. વિદ્યાલય, કોબડી પ્રા. શાળા, ખોડિયાર વિદ્યાલય ગરીબપુરા, નવાગામ પ્રા. શાળા તા. ઘોઘા ખાતે વિદ્યાર્થીઓ જ્ઞાન સાથે ગમ્મત દ્વારા વિજ્ઞાન વિષય પરત્વે વધુને વધુ રસ દાખવે તે હેતુથી તેઓના અભ્યાસક્રમમાં આવતા વિજ્ઞાનના પ્રયોગોને નિદર્શન દ્વારા વિજ્ઞાનના નિયમો અને સિધ્ધાંતોની સરળ તેમજ પ્રાયોગિક રજૂઆત **JOY OF SCIENCE** કાર્યક્રમ દ્વારા કરવામાં આવેલ.

આ ઉપરાંત બ્રહ્માંડ એક અકલ્પનીય રૂપે વિશાળ સ્થાન છે. જેમાં આકાશગંગાઓ, તારાઓ, ગ્રહો, નિહારિકા અને ધૂમકેતુ જેવી આપણે જોઈ શકીએ તેવી વસ્તુઓ છે અને ડાર્ક મેટર જેવી નજોઈ શકીએ તેવી વસ્તુઓ પણ છે. તેની સમજૂતિ આપી વિદ્યાર્થીઓને ટેલિસ્કોપ શું છે ? તેની બ્રહ્માંડ દર્શન સ્લાઈડ શો દ્વારા જાણકારી આપવામાં આવેલ. આ ઉપરાંત સંસ્થાના સાયન્સ કોમ્યુનીકેટરે તેઓને વિવિધ ગ્રહો વિશે, સૂર્ય થી પૃથ્વી વચ્ચેનું અંતર, ઉલ્કાપાત શું છે ?, ઉલ્કાપાત કયારે અને કેવી રીતે થાય છે? તેમજ આકાશ ગંગા વિશેની પૂર્ણ માહિતી આપેલ.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન શાળાના આચાર્યશ્રી તથા શિક્ષકોએ પૂરતો સહકાર આપેલ. આ કાર્યક્રમનો કુલ મળીને ૫૫૦ જેટલા વિદ્યાર્થીઓએ લાભ લીધેલ.

પ્રી.પ્ર. ત્રિવેદી

(પ્રીતિ ત્રિવેદી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.